ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com

---

અખબારી યાદી                                                        તા. ૫-૮-૨૦૨૨

- **ભાજપ સરકારની ખોટી આર્થિક નિતિ વિરૂધ્ધ, વધતી જતી મોંઘવારી, ચિંતાજનક બેરોજગારી અને મુર્ખતાપૂર્ણ લગાવવામાં આવેલ જી.એસ.ટી.ના લીધે નાના વેપાર ધંધા ખત્મ થયા છે.**
- **સંસદ થી સડક સુધી અને ગુજરાતમાં ૩૩ જીલ્લા અને આઠ મહાનગરમાં યોજાયેલ આક્રમક ધરણા - પ્રદર્શન, ગુજરાતમાં અનેક જગ્યાએ કાર્યકર્તાઓ - આગેવાનો - ધારાસભ્યોની મોટા પાયે અટકાયત, પોલીસ સાથે પણ થયું ઘર્ષણ.**

ભાજપ સરકારની ખોટી આર્થિક નિતિ વિરૂધ્ધ, વધતી જતી મોંઘવારી, ચિંતાજનક બેરોજગારી અને મુર્ખતાપૂર્ણ લગાવવામાં આવેલ જી.એસ.ટી.ના લીધે નાના વેપાર ધંધા ખત્મ થયા છે ત્યારે, સંસદ થી સડક સુધી અને ગુજરાતમાં ૩૩ જીલ્લા અને આઠ મહાનગરમાં યોજાયેલ આક્રમક ધરણા - પ્રદર્શન અંગે પત્રકારો સાથે વાતચિત કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના કાર્યકારી પ્રમુખશ્રી હિંમતસિંહ પટેલ અને વિધાનસભા કોંગ્રેસપક્ષના ઉપનેતાશ્રી શૈલેષ પરમારે જણાવ્યું હતું કે, દેશના ૧૩૫ કરોડ અને ગુજરાતના ૬.૫૦ કરોડ જનતા સતત વધતી મોંઘવારીના મારથી જીવન જીવવું મુશ્કેલ બની રહ્યું છે, વ્યાપક મોંઘવારી છે, બેરોજગારી થી હાહાકાર છે, રોજરોજ જી.એસ.ટી.નો જે કારનામા થઈ રહ્યાં છે તેનાથી દેશ આર્થિક અધોગતિમાં ધકેલાઈ રહ્યો છે. રોજબરોજની જીવન જરૂરીયાત ચીજવસ્તુઓ પર ૧૮ જુલાઈથી બ્રાન્ડેડ વસ્તુઓ પર ૫ ટકા જીએસટી લાગુ કરવામાં આવ્યો. જેના જેના પરિણામે અનાજ, દાળ, લોટ, કઠોળ સહિતની ચીજવસ્તુઓમાં એક જ મહિનામાં ૧૫ ટકા જેટલો વધારો થયો છે. ત્યારે શું આ છે અચ્છે દિન ? ૫ ટકા જીએસટી લાગુ કરશેની જાહેરાત વખતે એક ભાવ વધ્યા,બીજી વાર જીએસટી લાગુ થયો તે દિવસે ભાવ વધ્યા અને હવે રીટેલ-વ્યાપારીઓ નવો માલ છે તેમ દર્શાવતા ત્રીજી વખત ભાવ વધારો સામે આવ્યો છે ૧૫થી ૨૦ ટકા સુધીના તોતીંગ ભાવ વધારાને લીધે ગરીબ - સામાન્ય - મધ્યમવર્ગ સૌથી વધુ મુશ્કેલીમાં મૂકાયો છે. ગૃહિણીઓનું બજેટ અસ્ત વ્યસ્ત થઈ ગયું છે. મધ, સોયાબીન, વટાણા, ઘઉં સહિતના અનાજ વગેરે પણ આ સાથે મોંઘા થયા છે. વર્ષ ૨૦૧૪માં ગેસ સીલીન્ડરના ભાવ ૪૩૪ રૂપિયા તે સતત વધીને ૧૦૫૬ થયા આ મોદી સરકારની બહેનોને ભેટ છે. ભાજપ સરકારે પેટ્રોલ ડીઝલ પરની એકસાઈઝ ડ્યુટીમાં સતત વધારીને ૨૮ લાખ કરોડ દેશના નાગરિકોના કિસ્સામાંથી લુટી લીધા. એક તરફ પેટ્રોલ - ડીઝલ, ગેસના સતત ભાવ વધારો અને બીજીબાજુ રૂપિયાનું સતત અવમુલ્યનથી મોંઘવારી આસમાને પહોંચી છે. મોંઘવારીના મારથી જનતા પીસાઈ રહી છે સાથોસાથ બેરોજગારી પણ સતત વધતી જાય છે. લોકોના ધંધા-રોજગાર છીનવાઈ રહ્યાં છે. ૨૦૧૪માં જાહેરમાં અચ્છેદિનનો વાયદો કરનાર ભાજપ સરકારની જનતાને શું આ અચ્છેદિનની ભેટ છે ?

ભાજપે સત્તા માટે દરવર્ષે બે કરોડ રોજગારનું વચન એટલે કે આઠ વર્ષમાં ૧૬ કરોડ રોજગાર આપવાનું તો એકબાજુ રહ્યું પણ ભાજપ સરકારની નીતિના કારણે આઠ કરોડ રોજગાર છીનવાઈ ગયા. બેરોજગારીનો દર ૪૫ વર્ષમાં સૌથી ઉંચો છે ત્યારે મોંઘવારી અને બેરોજગારીના મુદ્દે કોંગ્રેસ પક્ષના રાજ્યવ્યાપી ધરણાં-પ્રદર્શન અંગે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના કાર્યકારી પ્રમુખશ્રી હિંમતસિંહ પટેલ અને વિધાનસભા કોંગ્રેસપક્ષના ઉપનેતાશ્રી શૈલેષ પરમારે જણાવ્યું હતું કે, બેરોજગારી ગુજરાતમાં છેલ્લા ૨૦ વર્ષમાં વિવિધ સરકારી ભરતી જેવી કે વિદ્યા સહાયકો માટે ટેટ ૧, ટેટ ૨, લોકરક્ષક દળ, બિનસચિવાલય કલાર્ક સહિતની પરીક્ષામાં વારંવાર પેપર ફૂટવાની ઘટનાઓ સામે આવી છે. 'વાંચે ગુજરાત'ની જાહેરાત કરતી ભાજપ સરકારે ૧૫ વર્ષથી શાળા કોલેજ જાહેર વાંચનાલયમાં લાયબ્રેરીયનની ભરતી કરવામાં આવતી નથી. 'રમશે ગુજરાત'ની વાતો કરતી ભાજપ સરકારમાં શારીરિક શિક્ષણના શિક્ષકો/અધ્યાપકોની ૧૫ વર્ષથી ભરતી કરવામાં આવી નથી. શું આ રીતે રમશે ગુજરાત ? તલાટી ભરતી માટે

૧૫ - ૧૫ લાખ રૂપિયામાં રાજ્યવ્યાપી ભરતી કૌભાંડ પણ ભાજપ સરકારના ભ્રષ્ટ વહીવટમાનું એક ઉત્તમ ઉદાહરણ સાબિત થયું છે. મલ્ટીપરપઝ હેલ્થવર્કર અને નર્સિંગ સહીત મેડિકલ - પેરામેડીકલની જગ્યાઓ પર ભરતી પ્રક્રિયા ન થવાના કારણે કોરોના મહામારીમાં લાખો નાગરીકો હેરાન પરેશાન થઇ ગયા. ગ્રામસેવકની ભરતીની જાહેરાતને ચાર વર્ષ થયા છતાં હજુ સુધી ભરતીના ઠેકાણા નથી. ટેટ-ટાટ પાસ થયેલ ૫૦,૦૦૦ જેટલા યુવાનો - યુવતીઓને શિક્ષક તરીકે ભરતી પ્રક્રિયા હાથ ન ધરીને અન્યાય થઈ રહ્યો છે જેની ગંભીર અસર ગુજરાતના શિક્ષણ પર પડી રહી છે. ગુજરાત સરકારના વિવિધ વિભાગોમાં 4.5 થી 5 લાખ જગ્યા લાંબા સમયથી ખાલી છે. અબજો રૂપિયાના રોકાણ, કરોડો રોજગારીના દાવા સાથે યોજાતી વાઈબ્રન્ટ સમિટના નામે ભાજપ સરકાર ગુજરાતના યુવાનોને ગુમરાહ કરી રહી છે. છેતરપીંડી કરી રહી છે. છેલ્લા અઢી દાયકા જેટલા લાંબા સમયગાળાના ભાજપના શાસન દરમ્યાન ગુજરાતની એક આખી નવી પેઢી, બેરોજગારી, દિશાવિહીનતાની ગર્તામાં ધકેલાઈ ગઈ છે. શિક્ષક વિનાની શાળા, ગ્રામસેવક વિનાનું ગામ, ડોકટર વિનાનું દવાખાનું, શાળા વિનાનું ગામ, આ તે કેવું ગતિશીલ ગુજરાત ? આઉટ સોર્સિંગ - કોન્ટ્રાકટ એજન્સીઓની સરકારના મંત્રી- સંત્રી સાથેની ગોઠવણના લીધે  આઉટ સોર્સિંગ- કોન્ટ્રાકટ નામે ગુજરાતના ૯.૫ લાખ જેટલા યુવાન - યુવતીઓનું મોટા પાયે આર્થીક શોષણ થઇ રહ્યું છે.  ત્યારે ભાજપ સરકાર ગુજરાતના લાખો યુવાનોની કારકિર્દી અને જિંદગી સાથે રમત રમવાનું બંધ કરે.

| **રોજીંદા ચીજ વસ્તુઓ** | **૨૦૧૯ ભાવ** | **૨૦૨૨ ભાવ** | **વધારો** |
|---|---|---|---|
| પેટ્રોલ | ૭૩ | ૯૭ | ૩૩ ટકા |
| ડીઝલ | ૬૬ | ૯૦ | ૩૬ ટકા |
| એલ.પી.જી. | ૪૯૪ | ૧૦૫૩ | ૧૧૩ ટકા |
| મીઠુ | ૧૮ | ૨૪ | ૩૩ ટકા |
| તુવેર દાળ | ૯૦ | ૧૧૦ | ૨૨ ટકા |
| સોયાબીન તેલ | ૯૨ | ૧૬૨ | ૭૬ ટકા |
| સરસો તેલ | ૧૧૦ | ૧૭૫ | ૫૯ ટકા |
| ચહા | ૨૧૨ | ૨૮૨ | ૩૩ ટકા |

(ડૉ. મનિષ એમ. દોશી)
મુખ્ય પ્રવકતા

નોંધ :કાર્યક્રમના ફોટોગ્રાફ્સ આપશ્રીને ઈ-મેઈલ કરેલ છે.